સુવિચાર : દુઃખ તમારા અંતરને જેટલું ઊંડું કોતરશે... એટલું સુખ તેમાં વધુ સમાશે - પૂજ્ય મોટા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૦ | ૯ ઓગસ્ટ, ૨૦૧૫, રવિવાર ; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૧ ટકા

ફટાફટ ન્યુઝ

- દાઉદના ઇશારે જ યાકૂબના જનાજામાં ભીડ ઉમટી હતી
- યાકુબને ફાંસી બાદ નાગપુર અને મુંબઇમાં હુમલાઓ થવાનો ભય
- બિહાર અને હિમાચલ પ્રદેશના રાજયપાલોની નિમણૂંક કરાઇ
- નાગા કરાર મામલે મોદીની સામે ત્રણ મુખ્યપ્રધાન મેદાનમાં
- ચર્ચાસ્પદ રાઘેમા વિવાદ બાદ જાહેરમાં નજરે પડ્યા
- નાવેદને મદદ કરનાર અન્ય ચાર શખ્સની ધરપકડ
- જમ્મુ કાશ્મીરમાં તોઇબાનું સ્લીપર શેલ પણ સક્રિય છે
- બિહારમાં કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડે તેવી સંભાવના
- સ્વચ્છ ભારત રેન્કિંગમાં મૈસુર પ્રથમ ક્રમાંક ઉપર
- તિરુમાલા મંદિર પાસે ૪.૫ ટન સોનુ હોવાના અહેવાલ
- ઓસ્ટ્રેલિયા ઉપર ઇંગ્લેન્ડની ઇનિંગ્સ-૭૮ રને ભવ્ય જીત

ઉધમપુર હુમલામાં હાફીઝનો પુત્ર માસ્ટરમાઈન્ડ છે : નાવેદ

જીવિત ઝડપાયેલા આતંકવાદી નાવેદ ઉર્ફે ઉસ્માનનો ઘટસ્ફોટ : હાફીઝ સઇદનો પુત્ર તલ્હા આતંકવાદીઓની ભરતી અને ટ્રેનિંગની પ્રક્રિયામાં સીધીરીતે સામેલ છે : આતંકવાદીઓને સહાય કરવા સ્લીપર શેલ સક્રિય છે

શ્રીનગર,તા. ૮

ધરપકડ કરવામાં આવેલા પાકિસ્તાનના આતંકવાદી મોહમ્મદ નાવેદ ઉર્ફે ઉસ્માને એનઆઈએ દ્વારા પુછપરછ દરમિયાન એવો ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે કે, જમાત ઉદ દાવાના લીડર હાફીઝ સઇદનો પુત્ર તલ્હા ઉધમપુર આતંકવાદી હુમલામાં માસ્ટરમાઈન્ડ તરીકે રહ્યો છે.

તલ્હાએ ઉધમપુર જિલ્લાના બીએસએફના કાફલામાં કરાયેલા હુમલામાં મહત્વની ભૂમિકા ભજવી છે. અહેવાલમાં આજે આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો. નાવેદે એવો ધડાકો પણ કર્યો છે કે, બે આતંકવાદીઓને તલ્હાના સૂચન ઉપર હુમલા કરવા માટે ભારત મોકલતા પહેલા ટ્રેનિંગ આપવામાં આવી હતી. તલ્હાને હુમલા કરવાની જવાબદારી મળ્યા બાદ તેને આ અંગે તૈયાર કરી હતી. મધ્ય અને દક્ષિણ કાશ્મીર માટે હુમલાની યોજના તૈયાર કરવામાં આવી હતી.

જિલ્લામાં ૧૦૦થી વધુ બુથ પર આધાર નોંધણી મતદાર યાદીમાં કરવાની નબળી કામગીરી

તંત્રએ બી.એલ.ઓ. અને સુપરવાઈઝરોને કામગીરીમાં ગતિ લાવવા કરેલી કડક તાકીદ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ૧૦૦થી વધુ બુથો પર આધાર કાર્ડ નોંધણીની નબળી કામગીરી જણાતાં બીએલઓ અને સુપરવાઈઝરોને તેમની કામગીરી અંગે તાકીદ તંત્ર દ્વારા કરવામાં આવી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી શુદ્ધતા અને સુધારણા માટેની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં નોંધાયેલા મતદારો પૈકી ૫૫ ટકા જેટલા મતદારોએ તેમના આધાર નંબર સાથે મતદારયાદીમાં નોંધણી કરાવી છે. આ કામગીરીની તાજેતરમાં કરાયેલ સમીક્ષામાં જિલ્લાના ૧૦૦ થી વધુ બુથો એવા મળ્યા હતા કે જ્યાં અન્ય બુથોની તુલનામાં અત્યંત નબળી કામગીરી થયેલ જણાયેલ છે.

ચોંકી ઉઠેલા તંત્રના અધિકારીઓએ આ માટે બી.એલ.ઓ. અને સુપરવાઈઝરોને કડક તાકીદ કરી તેમની કામગીરી સુધારણા માટે જણાવ્યું છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૬૬ ટકાથી વધુલોકોપાસેઆધારકાર્ડછે. જિલ્લામાં આધારકાર્ડ માટે પણ તંત્ર દ્વારા સઘન ઝુંબેશ ચલાવવા તાકીદ કરાઈ છે.

જિલ્લામાં આધારકાર્ડની કામગીરી મિશન મોડ પર હાથ ધરવા માટે કલેક્ટરની તાકીદ પછી પણ ધીમી ગતિએ ચાલી રહેલી કામગીરીને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી છે.

બીજી તરફ ચૂંટણી પંચે પણ આ મતદારયાદી શુદ્ધતા અને સુધારણા ઝુંબેશની મુદત લંબાવી દીધી છે. ૩૧ ઓગષ્ટ સુધી આ કાર્યવાહી ચાલશે. તંત્રએ પણ આ દિશામાં તેની કામગીરીની ગતિ વધારવા માટેની આખી વ્યુહરચના તૈયાર કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

શહેરની સુવિધા અને ગામડાનો માહોલ - ગાંધીનગરના રાજમાર્ગની બંને બાજુ ફુટપાથનું નિર્માણ કરાયું છે... ડસ્ટ-ફ્રી સીટી બનાવવાના ભાગરૂપે નિર્માણ પામેલ ફુટપાથ પર ગ્રામ્ય નારી માથે ઘાસનો ભારો લઈ ખુમારીપૂર્વક ચાલી રહી છે... આ દૃશ્ય ફુટપાથ સિવાયનું હોત તો કોઈ ગામડાના પાદરની તસવીર ગણત... પરંતુ આ ફુટપાથને કારણે ગાંધીનગરની તસવીર છે... એટલે જ ગાંધીનગર ખુબ ભાગ્યશાળી છે... કે અહીં સુવિધાઓ શહેરની છે, પરંતુ વાતાવરણ ગામડાનું છે... પ્રાકૃતિક છે... પ્રકૃતિનો પરમ વૈભવ છે... અને આસપાસના ગામોનો માહોલ ગ્રામીણ સંસ્કૃતિનો અહેસાસ કરાવે છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

ગાંધીનગર સમાચાર

નિમંત્રણ....

ગાંધીનગર સમાચાર ગુરુપૂર્ણિમાની પાવન પ્રભાતે નવા રૂપ-રંગ સાથે આપના આંગણે આવે છે. આપ રસપૂર્વક ગાંધીનગરની પ્રવૃત્તિઓના સમાચાર ઉપરાંત વિચારોની અભિવ્યક્તિ માણતા હશો... છેલ્લા એક સપ્તાહથી બદલાયેલા રૂપ-રંગ અને વિષયવસ્તુ સંદર્ભે આપના પ્રતિભાવોની અમને અપેક્ષા છે... આપના મુલ્યવાન સુચનો, સુભાષિશ અને ગતિપ્રેરક વિચારો અમારા માટે મૂડી બની રહેશે.

સ્પષ્ટ અક્ષરોમાં કાગળની એક બાજુએ લખીને મોકલવા નિમંત્રણ છે...

- વ્યવસ્થાપક
ગાંધીનગર સમાચાર

આજે નગરમાં લોકતંત્રના ધબકારા ધબકતા જોવા મળશે

એક્સ એમ.એલ.એ. કાઉન્સીલનું રાષ્ટ્રીય અધિવેશન, નાગરિક બેંકની સામાન્ય સભા અને શિક્ષક સંઘની ચૂંટણી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં યોજાયેલ ત્રિવિધ કાર્યક્રમોમાં લોકતંત્રના ધબકારા ધબકતા જોવા મળશે.

ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સીલના ઉપક્રમે ટાઉનહોલ ખાતે લોકતંત્રના ધબકાર પુસ્તકના વિમોચન સાથે ૮મી રાષ્ટ્રીય પૂર્વ કાઉન્સીલનો ટાઉનહોલ ગાંધીનગર ખાતે પ્રારંભ થશે.

મહામહીમ રાજ્યપાલના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, ગોવાના પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામથ, શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી નરહરિ અમીન, શ્રી દેવજી ફતેપરા, શ્રી મહેન્દ્ર ત્રિવેદી, અમૂલના ચેરમેન શ્રી રામસિંહ પરમાર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

આ સમારોહમાં ગુજરાતના નવ પૂર્વ ધારાસભ્યો શ્રી ધીરૂભાઈ દૂધવાલા, શ્રી દલસુખ પ્રજાપતિ, શ્રી અમૃતભાઈ પટેલ, શ્રીમતિ ચંપાબેન પરમાર, શ્રી અંબાલાલ ઉપાધ્યાય, શ્રી બાબુ મેઘજી શાહ, શ્રી ખોડાભાઈ પટેલ, શ્રી પુષ્પદાન ગઢવી અને શ્રી મહેશભાઈ મકવાણાનું તેમણે આપેલા યોગદાન માટે સન્માન કરવામાં આવશે.

આ ઉપરાંત કર્ણાટક, બિહાર, રાજસ્થાન અને મિઝોરમના ૮ પૂર્વ ધારાસભ્યોનું પણ સન્માન કરવામાં આવનાર છે.

આવી જ રીતે આજે શિક્ષક સંઘના હોદ્દેદારોની ચૂંટણી પણ યોજાવાની છે. આ માટે બે પેનલો વચ્ચે જંગ છે. શિક્ષકો આ ચૂંટણીને લઈ બહુ ઉત્સાહિત છે.

તો ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંકની વાર્ષિક સામાન્ય સભાની બેઠક પણ સવારે નવ વાગે નાગરિક બેંકની હેડ ઓફિસ ખાતે છે. જેમાં વાર્ષિક હિસાબોને બહાલી આપવા ઉપરાંત ચૂંટણીના પરિણામની ઘોષણા થવાની છે.

આમ ગાંધીનગરમાં આજે એક જ લાઈનમાં ત્રણ અલગ સ્થાનો પર લોકતંત્રના ધબકારા ધબકતા માણવા નગરને મળશે.

જોઈએ છે
૭૫ વર્ષના બાને રાખવા માટે બહેનની જરૂરી છે. જે તેમનું બધુ કામ કરે અને ૨૪ કલાક સાથે રહેવાની સગવડ
સંપર્ક : ૮૧૫૫૯૩૫૪૭૭
ફોન સાંજે ૪ થી ૯ સુધી

બેંક ઑફ ઇંડિયા Bank of India BOI Relationship beyond banking
Zonal Office : Gandhinagar Zone, BOI Building, CSD, Sector-16, Gandhinagar-382016 Ph: 079-23222853
Email : zo.gandhinagar@bankofindia.co.in
શાખાઓ માટે ભાડેથી જગ્યા જોઈએ છે.

ગાંધીનગર સેક્ટર - ૨૧ (અર્બન) ગાંધીનગર સેક્ટર - ૨૧, જીલ્લો: ગાંધીનગર - ૩૮૨૦૨૧	૧૨૦૦ થી ૧૮૦૦ ચો.ફૂટ
ગાંધીનગર સેક્ટર - ૨૫/૨૬ (અર્બન) ગાંધીનગર સેક્ટર- ૨૫/૨૬, જીલ્લો: ગાંધીનગર - ૩૮૨૦૨૫/૨૬	૧૨૦૦ થી ૧૮૦૦ ચો.ફૂટ
ગાંધીનગર સેક્ટર - ૬/૭ (અર્બન) ગાંધીનગર સેક્ટર- ૨૧, જીલ્લો: ગાંધીનગર - ૩૮૨૦૦૬/૦૭	૧૨૦૦ થી ૧૮૦૦ ચો.ફૂટ
કોબા (રૂરલ) ગામ : કોબા, તાલુકો અને જીલ્લો : ગાંધીનગર - ૩૮૨૦૦૭	૮૦૦ થી ૧૨૦૦ ચો.ફૂટ
તરભ (રૂરલ) ગામ : તરભ, તાલુકો : વીસનગર, જીલ્લો : મહેસાણા - ૩૮૪૩૧૦	૮૦૦ થી ૧૨૦૦ ચો.ફૂટ

રેડી પઝેશન વાળી ગ્રાઉન્ડ ફ્લોર / માર્કેટ વિસ્તાર માં આવેલ જગ્યાને પ્રથમ પસંદગી વિગતવાર જાહેરનામું આમંત્રિત કરતી વિગત અમારી વેબસાઈટ www.bankofindia.com ઉપરથી મેળવી શકાશે. નીયત કરેલ અરજીપત્રક કામકાજના સમય દરમ્યાન અમારી, ઝોનલ ઓફીસ, ગાંધીનગર ઝોન, ઉપરથી મેળવી શકાશે. અરજીપત્રક ઝોનલ ઓફીસે પરત આપવાની છેલ્લી તા. ૨૮-૦૮-૨૦૧૫ સુધી રહેશે.
રાજીવ પાઠક - ઝોનલ મેનેજર - ગાંધીનગર ઝોન

શ્રી બાલાજી ગ્રીન વેલી
4 BHK, 1800 વાર પ્લોટ, 685 વાર બાંધકામ
વૈષ્ણોદેવી સર્કલ થી ઝુન્ડાલ સર્કલ

વેચવાનો છે ફ્લેટ
4 BHK, 5000 ફૂટ, પર્સનલ ગાર્ડન
પ્રાઈમ લોકેશન
લોરાઈઝ, એસજી હાઈવે, અમદાવાદ

સુર્યા પ્રોપર્ટી મેનેજમેન્ટ
9426201168 - 9974256101
www.surya-property.com

KIPA રાસ-ગરબા ક્લાસ
પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશ્બૂ કુલદીપ શુક્લ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.